EDII

Sandesh (Suppl.: Ahmedabad Purva)

June 04, 2023
Page No.03

# EDII દેશની વુમન્સ આંત્રપ્રિન્યોર્સ માટે ૧૦૦ આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ પ્રોગ્રામ યોજશે

## ૧૦૦માંથી પ્રથમ ઇએપીનું ઉદ્‌ઘાટન ઉજ્જૈનમાં મુખ્ય અતિથિ મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઇ પટેલે કર્યું




**સિટી લાઇફ ।** નેશનલ કમિશન ફોર વુમન (એનસીડબલ્યુ)એ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ આઈ)ના સહયોગથી સંભાવિત મહિલા ઉદ્યોગસાહસિકો માટે દેશભરમાં ૧૦૦ ઉદ્યોગસાહસિકતા જાગૃકતા કાર્યક્રમ (ઈએપી) લોંચ કરવાની જાહેરાત કરી છે. દેશભરમાં યોજાનારા ૧૦૦માંથી પ્રથમ ઈએપીનું ઉદ્‌ઘાટન ઉજ્જૈનમાં મુખ્ય અતિથિ મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલે કર્યું હતું. આ પ્રસંગે ભારત સરકારમાં રાજ્યકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રી ડો. મુંજપારા મહેન્દ્રભાઈ અતિથિ વિશેષ, એનસીડબલ્યુના ચેરપર્સન  રેખા શર્મા, ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લા અને એનસીડબલ્યુના મેમ્બર સેક્રેટરી મિનાક્ષી નેગી ઉપસ્થિત રહ્યાં હતાં. આ એક દિવસીય ઈએપીનો ઉદ્દેશ્ય સહભાગી મહિલાઓને ઉદ્યોગસાહસિકતા એક કારકિર્દી તરીકે અપનાવવાના લાભો વિશે જાણકારી પ્રદાન કરવાનો, શ્રેષ્ઠ કૌશલ્યો શીખવાનો તથા સામાજિક, આર્થિક અને પારિવારિક અવરોધોને દૂર કરીને ઉદ્યોગસાહસિક બનવા પ્રોત્સાહિત કરવાનો છે. ઈએપી મહિલાઓ વચ્ચે ઉદ્યોગસાહસિકતાના કૌશલ્યો વિકસિત કરવાનો હેતુ ધરાવે છે, જેથી તેઓ તેમના પોતાના વ્યવસાયની રચના કરવા માટે જરૂરી માહિતી, કૌશલ્યો અને પ્રેરણા મેળવી શકે. આ સહયોગ વિશે વાત કરતાં ડો. સુનીલ શુક્લાએ કહ્યું હતું કે, છેલ્લાં દસ વર્ષમાં ભારતે નોંધપાત્ર પ્રગતિ કરી છે અને તેનું કારણ દેશની મહિલાઓને આર્થિક રીતે સ્વતંત્ર બનવા માટે પ્રોત્સાહિત કરાઈ છે. મને જાહેરાત કરતાં ખુશી થાય છે કે એનસીડબલ્યુ અને ઈડીઆઈઆઈએ મહિલા ઉદ્યોગસાહસિકતાને બળ આપવા માટે સહયોગ કર્યો છે. તેનાથી દેશ ખૂબજ મજબૂત થશે.